**<u>રાજકોટના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (રેલ્વે) સાહેબની અદાલતમાં,</u>**

**<u>મુ. રાજકોટ.</u>**

**આંક–૧૧૫**

**<u>ફો.કેસ નંબરઃ ૫૬૦૬/૨૦૦૬</u>**

**વેસ્ટર્ન રેલ્વે (ધ્રાંગધ્રા)**

ગુના રજી.નં.(૦૧/૨૦૦૬) **::::::: ફરીયાદી**

**વિરુધ્ધ**

**આરોપીઃ–૪ રમજાન મોવર**

રહે. કજેડા,

તા.માળીયા (મી.)

**:::::: આરોપી**

**ગુનોઃ <u>આર.પી.યુ.પી.એકટની કલમ–૩ મુજબ</u>**

**<u>// કબુલાત –ઠરાવ //</u>**

**(૧)..** ફરીયાદપક્ષનાં કેસની સંક્ષીપ્તમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓએ તા. <u>૧૫/૦૬/૨૦૦૬</u> નાં રોજ રેલ્વે માલ રેલ્વેની સંપતિની ચોરી કરી પકડાઈ જઈ, આર.પી.યુ.પી. એકટની કલમ–૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે અને તે મુજબની ફરીયાદીની ફરીયાદનાં આધારે તપાસ કરનાર અધિકારીએ લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધી આરોપીઓ વિરુધ્ધ અત્રેની કોર્ટમાં આર.પી.યુ.પી. એકટની કલમ–૩ મુજબનાં ગુના અંગેની ફરીયાદ રીપોર્ટ કરેલ છે.

**(૨)..** હાલના કામે આરોપી રમજાન મોવર તા.૨૨/૦૪/૨૦૧૮ના રોજ મારી સમક્ષ હાજર રહી આંક :.... થી આરોપીએ ગુનાની કબુલાતની પુરસીસ આપેલ છે તેમાં

તેઓએ જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેઓની સામેનો સદરહુ ગુનો તેઓની જાતે કોઈપણ જાતના દાબ–દબાણ વગર કબુલ કરે છે. આરોપીએ તેની ગુના કબુલાતની પુરસીસમાં જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ ફરીથી આવો ગુનો કરશે નહી તેઓની ઉપર તેઓનાં ઘરની સમગ્ર જવાબદારી છે અને તેઓના કુટુંબમાં તેઓ એક માત્ર કમાનાર ઈસમ છે અને તેથી તેઓની ઉપર દયા કરવા અરજ કરેલી છે અને તેઓ આ તેમની સામેનો ગુનો તેઓએ સ્વૈચ્છાએ કબુલ રાખે છે અને તે સારુ તેઓને કોઈ પ્રલોભન આપવામાં આવેલ નથી અને જો તેઓને ગુનો કબુલ કરશે તો તેઓને થનાર સજા બાબતે સજાગ કરવામાં આવેલા છે.

**(૩)..** તેઓની સામેનાં ઉપરોકત ગુના સબબ આંક–..... થી પ્લી લેવામાં આવેલ છે તેમાં તેઓએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ રાખેલ છે. તે ઉપરાંત કેસના સંજોગો ઘ્યાને લેતાં અને સજાની જોગવાઈ અંગેના **નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯** ઉપર પ્ર કાશીત ચુકાદાના માર્ગદર્શક સિઘ્ધાંતોને ઘ્યાનમાં લેતાં તથા આરોપી પાસેથી કબજે કરાયેલ મુદ્દ ામાલનો પ્રકાર તથા જથ્થો ઘ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે જેથી આરોપીને સુધરવાની તક મળે અને કેસના સંજોગોને ઘ્યાનમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

આ કામનાં **આરોપીઃ–૪ રમજાન મોવર** રહે. મું.કજેડા, તા.માળીયા (મી.)વાળાને આર.પી.યુ.પી. એકટની કલમ–૩ નાં ગુનાનાં કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડની

કલમ–૨૪૨(૨) અન્વયે કસુરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૫૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર ) પુરાનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલને રેલ્વે ઓથોરીટીને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૨મી, માંહે : એપ્રિલ, સને : ૨૦૧૮ નાં રોજ (લોક–અદાલત) ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ :૨૨/૦૪/૨૦૧૮

સ્થળ : રાજકોટ

**( મસ્કુરૂલ્લાખાન ફીરોઝખાન પઠાણ )**

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(રેલ્વે), રાજકોટ

**U.I.C. NO. GJ01236**